મ્હે. ચોથા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, જામનગર.

ફોજદારી કેસ નં. ૫૯૨૮/૨૦૧૯.

આંક :– ૦૭.

ફરીયાદી :– શ્રી સરકાર

<u>વિરૂધ્ધ</u>

આરોપી :– રાજેન્દ્રસિંહ દીપસિંહ જાડેજા.

ગુનો :– ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬(૧)બી, ૮૫(૧) મુજબ.

<u>–: ચુ કા દો :–</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ – ૬૬ (૧) (બી), ૮૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા તેમાંથી એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ ચોકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં મળી આવેલ છે. આમ કલમ– ૮૫ (૧) મુજબના શીક્ષા પાત્ર ગુનાના મુખ્ય તત્વો સાર્વજનિક સ્થળમાં છાટકો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝગડો કરતો હોય, અપશબ્દ અથવા અશીષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય અને બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અસલીલ ચેનચાળા કરતો હોય તેવી કોઈ હકકીત રેકર્ડ ઉપરથી જણાતી નથી. આમ ચાર્જશીટ અને તેની સાથેના નિવેદન વંચાણે લેતા તેમાંથી કલમ– ૮૫(૧) મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જ બનતો હોય તેવુ જણાતુ નથી.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિળ ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં દારૂ પી લીધેલ. અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે મારામારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય, ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર કોર્ટમાં આવવાની જરૂર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકીકતો ધ્યાને લઈ, આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાંણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી નમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ. આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૫) તમામ રેકર્ડ ઉપની હકીકતો લક્ષમાં લેતા વગર પાસ પરમીટે દારૂ પી છાટકો બની લથડીયા ખાતો હોવા અંગેનો આક્ષેપ માત્ર છે. આરોપી વિરુધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે આરોપીએ ચોકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીને સાર્વજનિક સ્થળમાં છાટકો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દ અથવા અશીષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય અને બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેર વર્તણુક કરતો હોય અથવા અસલીલ ચેનચાળા કરતો હોય તેવી કોઈ હકકીત રેકર્ડ ઉપરથી જણાતી નથી. આમ ચાર્જશીટ અને તેની સાથેના નિવેદન વંચાણ લેતા તેમાંથી કલમ–૮૫ (૧) મુજબનો ગુનો પ્રથમદર્શીય જ બનતો હોય તેવુ જણાતુ નથી. આ ગુનાની ટ્રાયલ માટે હાલના અમો સરકારી અમલદાર ફરીયાદ, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને કલમ ૬૬ (૧) (બી) મુજબની સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનુ પ્ર માણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં. આરોપીનો સમય, ફરીયાદ પોલીસ સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ (મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ તેમજ " ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯", ચુકાદામાં નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબો હુકમ કરવામાં આવે છે.

<u>–: હુ ક મ :–</u>

આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૮૫–૧ મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૪ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ના રોજ જાહેર કર્યો.

જામનગર.

તા.૧૪/૦૯/૨૦૧૯.
સ્પેશ્યલ સીટીંગ.

( પ્રજ્ઞેશકુમાર બી. પટેલ )
ચોથા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જામનગર. જીજે–૦૧૨૭૮.